
# મહારાષ્ટ્રમાં ભાજપને ૧૩૦ સીટ આપવા શિવસેના સંમત

મુંબઈ ,તા. ૨૩

મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણી માટે બેઠકોની વહેંચણીને લઈને વ્યાપક ખેંચતાણ બાદ મડાગાંઠનો અંત આવ્યો છે. શિવસેના આખરે ભાજપને ૧૩૦ બેઠકો આપવા સહમત થઈ ગઈ છે. જેથી ગઠબંધન તૂટી પડશે તે અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. આજે બન્ને પક્ષોના ટોચના નેતાઓ વિવાદોને દૂર કરવા અને બેઠકોની વહેંચણી અંગે ચર્ચા કરવા માટે મળ્યા હતા. ગઠબંધનને બચાવી લેવા બન્ને પક્ષોના નેતાઓ સર્વ સમ્મતિ ઉપર પહોંચ્યા હતા. શિવસેના નાના પક્ષો અથવા તો તેની બેઠકોની હિસ્સેદારીમાં ઘટાડો કરશે કે કેમ તે અંગે ચિત્ર સ્પષ્ટ થયું નથી. ગઠબંધનમાં અન્યો સાથે નવી દરખાસ્ત ઉપર હવે ચર્ચા થશે. અગાઉ વિધાનસભાના શિવસેનાના નેતા સુભાષ દેસાઈ, પક્ષના પ્રવક્તા અને રાજ્યસભાના સભ્ય સંજય રાવત ભાજપની ઓફિસ પર પહોંચ્યા હતા. મધ્ય મુંબઈમાં દાદર ખાતે આવેલી વસંત સ્મૃતિ ભવનમાં શિવસેનાના નેતા પહોંચ્યા હતા અને ગઠબંધનના મુદ્દા ઉપર વાતચીત કરાઈ હતી. મહારાષ્ટ્રના ચુંટણી ઈન્ચાર્જ ઓમ માથુર અને રાજ્ય પક્ષ પ્રમુખ દેવેન્દ્ર ફડનવીસ પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. ફડનવીસે ભાજપ રાજ્ય એકમ, જિલ્લા એકમના પ્રમુખ, ધારાસભ્યો અને સાંસદોની એક બેઠક યોજી હતી જેમાં વિધાનસભાની ચુંટણી પહેલા ઉભી થયેલી પરિસ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હતી. વિધાનસભામાં વિપક્ષના નેતા એકનાથ ખડસે અને પરિષદમાં વિપક્ષના નેતા વિનોદ તાવડે પણ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપે પહેલાથી જ ૧૫૧ બેઠકો પર ચુંટણી લડવાની શિવસેનાની ઓફરને ફગાવી દીધી છે. ભાજપે ગઈકાલે ૧૩૦ બેઠકોની માંગ કરી હતી. અગાઉ ભાજપે ૧૩૫ બેઠકો માંગી હતી. ભાજપ પ્રમુખ અમિત શાહે શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે સાથે વાત પણ કરી હતી. ખેંચતાણ કેટલાક મુદ્દાઓ ઉપર હજુ પણ રહી છે. શિવસેનાએ હવે ૧૩૦ બેઠક ભાજપને આપી છે અને પોતાની પાસે ૧૫૧ બેઠકો જાળવી છે. જો આના પર સમ્મતિ રહેશે તો મહાયુતીના અન્યપક્ષો માટે માત્ર સાત બેઠકો રહેશે. મહાયુતીના અન્ય પક્ષોમાં આરપીઆઈ, રાષ્ટ્રીય સમાજ પક્ષ, સ્વાભિમાની સેતકારી પક્ષનો સમાવેશ થાય છે. ભાજપનું કહેવું છે કે મુખ્યમંત્રી પક્ષ તેની પાર્ટીમાંથી મળે તે જરૂરી છે. ભાજપ અને શિવસેનાએ કહ્યું હતું કે, ગઠબંધનને લઈને બન્ને પક્ષો બિલકુલ સ્પષ્ટ છે. માત્ર બેઠકો અંગે ગુંચવણ હતી. ૨૫ વર્ષ જુના ગઠબંધનને જારી રાખવા બન્ને પક્ષો તૈયાર થતાં અન્ય નાના પક્ષોને રાહત થઈ છે.




# દિલ્હી ઝૂમાં યુવાનને સફેદ વાઘે ફાડી ખાતા ભારે કમકમાટી

નવી દિલ્હી,તા. ૨૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીના રાષ્ટ્રીય પ્રાણીસંગ્રહાલયમાં એક વ્યક્તિને આજે સફેદ વાઘે ફાડી ખાતા ભારે કમકમાટી મચી ગઈ હતી. સાક્ષીઓના જણાવ્યા મુજબ, ૨૦ વર્ષની આસપાસના આ પ્રવાસીએ વાઘના પાંજરાની નજીક જઈને વાઘને લાલચ આપવાના પ્રયાસ કર્યા હતા. જેના કારણે આ બનાવ બન્યો હતો. છ વર્ષીય વિજય નામના વાઘે આ વિઝીટરને અંદર ખેંચી લીધો હતો અને તેને ફાડી ખાધો હતો. આજે બપોરે દિલ્હી પ્રાણી સંગ્રહાલયમાં આ બનાવ બન્યો હતો. એકાએક લાલચ આપતીવેળા ગબડી પડેલા યુવાનને વાઘે ઈજા પહોંચાડીને ફાડી ખાધો હતો. યુવક વાઘના પાંજરામાં ૧૦ મિનિટ સુધી સંઘર્ષ કરતો નજરે પડ્યો હતો. પણ કોઈપણ સિક્યોરીટી ગાર્ડ તેની મદદ માટે પહોંચ્યા નહતા. વાઘથી બચવા માટે યુવાને દરેક પ્રયાસ કર્યા હતા. પરંતુ તે બચી શક્યો નહતો. તેને ગંભીરરીતે ઘાયલ કરી નાંખ્યો હતો. યુવાનની ઓળખ દિલ્હીના



મકસૂદ તરીકે કરવામાં આવી છે. તે ટીકીટ લઈને પ્રાણી સંગ્રહાલયમાં આવ્યો હતો. તે પ્રાણી સંગ્રહાલયમાં ફરવા માટે આવ્યો હતો. બપોરે એક વાગ્યાની આસપાસ તે સફેદ વાઘના પાંજરામાં વાઘને નિહાળી રહ્યો હતો અને તે જ ગાળામાં તે એકાએક પગ લપસી જતા ગબડી પડ્યો હતો.

જોકે, પ્રાણી સંગ્રહાલયના વહીવટી તંત્રએ કહ્યું છે કે આ યુવાન બેરીકેટને પાર કરીને સિંહના પાંજરામાં કુદી ગયો હતો. પ્રાણી સંગ્રહાલયમાં એ વખતે હાજર રહેલા એક વ્યક્તિએ માહિતી આપતા કહ્યું છે કે તે અંદર પગ લપસી જતા પડી ગયો હતો. પડી ગયાના બે મિનિટ બાદ વાઘ તેની નજીક આવી પહોંચ્યો હતો. અન્ય નિહાળનાર લોકોએ વાઘને પથ્થર પણ માર્યા હતા જેથી તે ગભરાઈ જતા વાઘે યુવાનને ગરદનથી પકડી લીધો હતો અને તેને ઉંચકીને અન્યત્ર લઈ ગયો હતો. થોડાક દૂર ગયા બાદ તેને છોડી દીધો હતો. વાઘના સકંજાથી યુવાનને છોડાવવા માટે તરત પહોંચેલા સિક્યોરીટી ગાર્ડે ગ્રીલ પર માર મારીને છોડાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળતા મળી નહતી.

# જયલલિતા દ્વારા સ્વામી સામે વધુ બે કેસો દાખલ

મુંબઈ ,તા. ૨૩

તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ ટ્વીટર ઉપર તેમની ટિપ્પણી બદલ ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામી સામે બદનક્ષીના વધુ બે કેસો દાખલ કરી દીધા છે. સીટી પબ્લિક પ્રોસીક્યુટર એમએલ જગન દ્વારા જયલલિતા વતી મુખ્ય સેશન કોર્ટ સમક્ષ કેસ દાખલ કરાયા છે. સીપીપીએ કહ્યું છે કે, ૨૦મી સપ્ટેમ્બરના દિવસે ટ્વીટર ઉપર સુબ્રમણ્યમ સ્વામીએ ખૂબ જ વાંધાજનક ટીપ્પણી કરી હતી જે બિલકુલ અયોગ્ય છે. તેમણે કહ્યું હતુ કે, જયલલિતા સમાજના દરેક વર્ગમાં સમ્માનજનક સ્થાન ધરાવે છે. સ્વામીનું નિવેદન ખૂબ જ વાંધાજનક છે તેમાં કોઈપણ આધાર નથી. તેમની સંપત્તિને લઈને સ્વામીએ વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. ૧૭મી સપ્ટેમ્બરના દિવસે સ્વામી સામે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. તેમની સામે બદનક્ષીના કેસના સંદર્ભમાં આ સમન્સ જારી થયા હતા.

# વિવાદાસ્પદ આસારામની જામીન અરજીને ફગાવાઈ

નવી દિલ્હી,તા. ૨૩

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે જાતે બની બેઠેલા ગોડમેન આસારામની જામીન અરજીને આજે ફગાવી દીધી હતી. તેમના આશ્રમમાં



અભ્યાસ કરતી માસુમ બાળકી પર બળાત્કારના સંદર્ભમાં આસારામ હાલ જેલમાં છે. જસ્ટીસ ટીએસ ઠાકુરના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે ઠેરવ્યું હતું કે, આસારામ દ્વારા જે કારણો અપાયા છે તે તેમને જામીન આપવા માટે દોરી જતા નથી. જામીન આપવા માટેના આ કારણો યોગ્ય પણ નથી.

અત્રે નોંધનીય છે કે, ૨૦મી ઓગસ્ટ ૨૦૧૩ના દિવસે પોલીસ ફરીયાદ ૧૬ વર્ષીય સગીરાએ દાખલ કર્યા બાદ ૭૨ વર્ષીય આસારામની નાટ્યાત્મક સંજોગોમાં ભારે ધાંધલ ધમાલ વચ્ચે ધરપકડ કરાઈ હતી. જોધપુરમાં પોતાના આશ્રમ ખાતે આ યુવતી પર અત્યાચાર ગુજારવાનો આક્ષેપ આસારામ પર કરાયો હતો. કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ કેસમાં જ્યાં સુધી મહત્વપૂર્ણ સાક્ષીઓની ચકાસણી કરવામાં આવશે નહીં ત્યાં સુધી જામીન પર આસારામને છોડવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે છ સાક્ષીઓના નામ આપવા રાજસ્થાન સરકારને આદેશ કર્યો હતો. આ કેસમાં પ્રોસીક્યુસન માટે છ સાક્ષીઓના નામ અને તેમની જુબાની ખૂબ જ મહત્વપૂર્ણ છે. આસારામની જામીન અરજીને ફગાવી દેવાયા બાદ તેમને મોટો ફટકો પડ્યો છે. આસારામ માત્ર આ કેસમાં જ નહીં બલ્કે અન્ય ઘણા કેસોમાં કાયદાકીય ગુંચનો સામનો કરી રહ્યા છે. અમદાવાદમાં બે બાળકોના મોતના મામલામાં પણ આસારામ સામે સકંજો જમાવવામાં આવ્યો છે અને તેમની સામે આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર ચાલી રહ્યો છે. આસારામની જામીન અરજીને લઈને આજે સુપ્રીમ કોર્ટમાં ભારે ઉત્સુક્તા રહી હતી. આસારામના સમર્થકો પણ આને લઈને ઉપસ્થિત રહ્યા હતા. આશ્રમમાં અભ્યાસ કરતી બાળકી પર બળાત્કારના મામલામાં દેશભરમાં આસારામ સામે ભારે હોબાળો રહ્યો હતો. હિંસક દેખાવો પણ કરાયા હતા.

# ઈન્ફોસીસના ઉપ પ્રમુખના પગારમાં ૫ કરોડનો વધારો

બેંગલોર,તા. ૨૩

દેશની મહાકાય આઈટી કંપની ઈન્ફોસીસ પોતાના ટોપ કારોબારીઓના પગારમાં અભૂતપૂર્વ વધારો કર્યો છે. હવે આ કારોબારી પૈકી કેટલાકના પગાર છ કરોડ રૂપિયા સુધી થઈ ગયા છે. આ વધારો થયા બાદ કારોબારી ઉપપ્રમુખને હવે છ કરોડ રૂપિયાનો પગાર મળશે. આ અગાઉ તેમને ૧.૨થી ૨ કરોડ સુધીનો પગાર મળી રહ્યો હતો. આનો મતલબ એ થયો કે, ઇન્ફોસીસના ઉપપ્રમુખના પગારમાં ૪-૫ કરોડનો જંગી વધારો કરવામાં આવ્યો છે. ઇન્ફોસીસે જંગી વધારો કરતા કેટલાક કારોબારીઓ એક મિલિયન ડોલર અથવા તો છ કરોડના ક્લબમાં સામેલ થઇ ગયા છે. ટોપ કારોબારી જે હવે છ કરોડની સપાટી પર પહોંચ્યા છે તે કારોબારી ઉપ પ્રમુખના પગારમાં અગાઉ પણ વધારો કરવામાં આવ્યો હતો. તેમનો પગાર અગાઉ ૧.૨ કરોડ-૨ કરોડની રેંજમાં હતો. તેમના પગારમાં હવે ત્રણતી પાંચ ગણો વધારો કરવામાં આવ્યો છે. કંપનીમાં નવા પ્રાણ ફુંકવા માટે હાલમાં નવા નિમાયેલા સીઇઓ વિશાલ સિક્કા દ્વારા પગારમાં વધારો કરવામાં આવ્યો હતો. કારોબારી સર્ચ કંપનીના કહેવા મુજબ ટોપના કર્મચારીઓને જાળવી રાખવાના હેતુથી હવે જંગી વધારો કરવામાં આવી રહ્યો છે. ભારતીય કારોબારીઓના પગારમાં વધારો થઇ રહ્યો છે. જેથી તેઓ હવે આંતરારાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવાની સ્થિતીમાં થઇ ગયા છે. એચઆર નિષ્ણાંતોનુ કહેવુ છે કે વધારે પગાર હવે જરૂરી છે. વિશાળ સિક્કા ઇન્ફોસીસના સીઇઓ બન્યા ત્યારે તેઓ ભારતીય કંપનીમાં સૌથી વદારે પગાર મેળવનાર સીઇઓ બન્યા હતા.હવે ઇન્ફોસીસે ટોપ કારોબારીઓના પગારમાં રેકોર્ડ વધારો કર્યો છે. વૈશ્વિક મહાકાય કંપનીઓ ભારતીય આઇટી નિષ્ણાંતોને ભરતી કરી રહી છે ત્યારે એચઆર નિષ્ણાંત આ હિલચાલને લઇને કોઇ આશ્ચર્યચકિત થયા નથી. ઇન્ફોસીસની દિશામાં અન્ય કંપનીઓ પણ આગળ વધશે.

# મેઘાલય પુર : મૃતાંક વધીને ૨૧, કેટલાક લોકો લાપતા

સિલોંગ, તા. ૨૩

મેઘાલયમાં ગારો પહાડી



વિસ્તારમાં પુર અને વરસાદથી મોતનો આંકડો વધીને ૨૧ ઉપર પહોંચ્યો હતો. હજુ પણ મોટી સંખ્યામાં લોકો લાપતા હોવાનું જાણવા મળ્યું છે. જેથી મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. છેલ્લા ૩૬ કલાકથી પડી રહેલા અવિરત વરસાદના કારણે ત્રણ લાખથી પણ વધુ લોકોને માઠી અસર થઈ છે. ૨૦ હજારથી વધુ લોકોને રાહત કેમ્પમાં ખસેડાયા છે. ગારો પહાડી પ્રદેશમાં ઓછામાં ઓછા ત્રણ જિલ્લાઓને પુરગ્રસ્ત જાહેર કરાયા છે. સિલોંગમાં વિશાળ ભેખડ પડતા આઠ લોકોના મોત થયા છે જેમાં બે મહિલાઓનો સમાવેશ થાય છે. દક્ષિણ પશ્ચિમ ગારો પહાડી જિલ્લામાં ભેખડો પડવા અને ભારે વરસાદના કારણે ઘણા લોકો લાપતા થયા છે. એકંદરે ૧૨ હજાર લોકોને દક્ષિણ પશ્ચિમ ગારો પહાડી જિલ્લામાં સ્થાપિત કરવામાં આવેલા ૨૯ રાહત કેમ્પોમાં ખસેડાયા છે. ડિસ્ટ્રીક્ટ ડેપ્યુટી કમિશનર રામસિંહ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી માટે એનડીઆરએફની ટુકડીઓ અને અન્ય સુરક્ષા ટીમ પણ તૈનાત કરાઈ છે. મુખ્યમંત્રી મુકુલ સંગમા પણ સ્પીકર મોન્ડલ સાથે ગુહાટીમાં અટવાયા હોવાનું જાણવા મળ્યું છે. પુરગ્રસ્ત પરિસ્થિતિની સમીક્ષા મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી ચુકી છે. તમામ મદદ કરવાની ખાતરી પણ અપાઈ છે.

# સિરિયામાં આઈએસના અડ્ડા પર અમેરિકાના હવાઈ હુમલાઓ શરૂ

વોશિંગ્ટન, તા. ૨૩

સિરિયમાં ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓના અડ્ડા પર અમેરિકાએ તેના હવાઈ હુમલા શરૂ કરી લીધા છે. આજે પેન્ટાગોન દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારી રહેલા ત્રાસવાદીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમાં પાર્ટનર દેશોના યુદ્ધ વિમાનો પણ સામેલ થયા છે. તેમના પ્રથમ હવાઈ હુમલા કરવામાં આવ્યા છે. ત્રાસાવાદીઓને વ્યાપક નુકસાન પ્રથમ જ હુમલામાં થયુ હોવાનુ જાણવા મળ્યું છે. અડ્ડાઓ ક્યાં છે તે અંગે માહિતી મેળવી લેવામાં આવ્યા બાદ હુમલા કરવામાં આવ્યા છે. તુર્કી સાથેની સરહદ પર કુરદીશ દળો અને ત્રાસવાદીઓ વચ્ચે પણ લડાઈ શરૂ થઈ છે. પેન્ટાગોને કહ્યું છે કે ઈસ્લામિક સ્ટેટના પ્રાદેશિક સ્થળોને ટાર્ગેટ બનાવીને હુમલા કરવામાં આવ્યા છે. ફાઈટર જેટ, બોમ્બર અને ટોમહોક મિસાઈલ મારફતે હુમલા કરવામાં આવ્યા છે. પ્રદેશમાં જહાજો પરથી મિસાઈલો ઝીંકવામાં આવી છે. પેન્ટાગોનના પ્રેસ સેક્રેટરી રીયર એડમિરલ જહોન કિરબીએ કહ્યું છે કે લશ્કરી ઓપરેશન શરૂ કરાયું છે. જેથી કોઈ વિગત આપવામાં આવશે નહી. લશ્કર દ્વારા સોમવારે હુમલા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદી નેટવર્કને ખતમ કરી દેવા બે સપ્તાહ અગાઉ પ્રમુખ બરાક ઓબામાએ આદેશ કર્યા બાદ આ હુમલા શરૂ કરવામાં આવ્યા છે. આ લડાઈ અમેરિકા હવે વધુ તીવ્ર બનાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. હુમલામાં અમેરિકા સાથે અનેક દેશો સામેલ થયા છે. જેમાં બ્રિટન પણ સામેલ છે.



ભાદરવા માસનું છેલ્લુ પખવાડિયું શ્રાધ્ધ પર્વની ઉજવણીનું પર્વ છે જેમાં દિવગંત પિતૃઓને યાદ કરી તેમના આત્માની શાંતિ અર્થે તર્પણ કરવામાં આવે છે. ભાદરવાની અમાસ એ 'સર્વ પિતૃ અમાવસ' તરીકે ઓળખાય છે. જો કોઈ પિતૃનું શ્રાધ્ધ-તર્પણ કરવાનું ભુલાઈ ગયું હોય અથવા તિથી ભૂલાઈ ગઈ હોય તો આ અમાસે એ પિતૃઓના તર્પણનો અંતિમ પડાવ છે આ દિવસે તર્પણ કરવાથી તે પૂર્ણ થાય છે. ભારતના કેટલાક ભાગોમાં મહાલયા તરીકે ઓળખાતા આ દિવસે કરાયેલું શ્રાધ્ધ એ મહાતર્પણ ગણવામાં આવે છે. રામેશ્વરમાં શ્રધ્ધાળુઓ મહાલયાના દિવસે પિતૃઓનું તર્પણ કરી રહ્યાં છે.

## સમાચાર ઝલક

- નાણા મંત્રીશ્રી અરૂણ જેટલી ફરી વખત હોસ્પિટલમાં.
- સ્વીડીશ માણસે ઘરે બનાવેલી સબમરીન ૬૦ લાખમાં વેચી.
- અમેરિકી નાગરિકો પર હુમલા કરવાની આઈએએસની ચેતવણી.
- ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજકુંદ્રાને ત્રણ કરોડની ખંડણી સાથે મારી નાખવાની ધમકી મળી.
- સંખ્યાબંધ ચોરી કરતી ટોળકી અંતે અમદાવાદમાં ઝડપાઈ.
- નવરાત્રિ પછી ઠંડીનો ચમકારો વધશે.
- સોના-ચાંદીના ભાવમાં કડાકો, ઘરાકી જામી.
- મુંબઈમાં આ વર્ષે કુલ ૮૫ ઈંચ વરસાદ પડયો છે. હજુ શકયતાઓ છે.
- ઈરાનમાં વ્હોસટ-એપ-વાયબર પર પ્રતિબંધ લગાવાયો.
- નકસલવાદીઓ સામે લડવા હવે 'ડોગ-કમાન્ડોઝ' તૈયાર કરાયા.
- ગ્રહોના નંગની રૂ. ૨થી ૨૦ લાખની વીંટીનો વધતો ક્રેઝ.
- તા. ૨૬મી સપ્ટેમ્બરે ૧૩ ફિલ્મ્સ રિલીઝ થશે.
- ઈન્વેસ્ટરો શેરબજારના માર્ગે. પ્રોપર્ટીમાંથી રસ ગાયબ પ્રોપર્ટીમાંથી છુટકારો મેળવવા ઈન્વેસ્ટરોના હવાતિયા.
- રાજસ્થાનમાં પ્રધાનશ્રીનો કૂતરો ખોવાયો હોવાથી પોલીસ હાંફળી ફાંફળી બની છે.
- સચિન પાસે બેટીંગની સલાહ મેળવતો વિરાટ કોહલી.
- વિધાર્થીઓ દ્વારા અભ્યાસ માટે વિદેશમાં જવા અર્થે લેવાયેલી લોનની રકમ ૫૭૯ અબજ ડોલર, રિઝર્વ બેંકના રઘુરામ રાજની ચિંતા.
- હવે ધો-૧ થી ૮માં બોર્ડની સ્ટાઈલથી પરીક્ષા લેવાશે.
- અટકાયત કરાઈ હોય તેવા લોકો મતદાન કરી શકે : ચૂંટણી પંચ.
- આજે સર્વ પિતૃ અમાસ : શ્રદ્ધાથી કરાયેલી પ્રાર્થનાથી પણ શ્રાદ્ધ થાય છે.

## નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

જન્મદિવસની ઉજવણી એક તરફ જોરદાર રીતે થઇ રહી હતી તો બીજી તરફ બાના હાથે બનેલ ખીરના સ્વાદના મીઠાં મીઠાં વખાણ એ બધાંથી બા તો ભાવવિભોર થઇ ગયાં હતા. તેમાં બા નો આત્મીય આગ્રહ એ બધું મળીને બાનો ભારરૂપ લાગવાનો વિચાર ક્યાંય ખોવાઇ ગયો હતો. તેમણે ખીરમાં જાણે કે જીવ રેડી દીધો હતો.

બધાં જતા રહ્યા પછી બાએ પોતાના ડોકટર દીકરાને સવારે ડેરી પર કચડાયેલ પગનો અંગુઠો બતાવતાં પુછ્યું. 'એમ લાગે છે કે નખ ઉખડી ગયો છે. મારો તો જીવ જ નીકળી ગયેલો. ચીસ પડાઇ ગયેલી. પણ હવે તને એમ લાગતું હોય તો જરા પાટી બાંધી આપ.'

સુજેલા પગ અને ઉખડેલો નખ જોઇ દીકરો ખીજયો. 'ખબર નથી પડતી, આ ઉંમરે આવી દોડાદોડ કરવાનું શું જરૂર હતી. ઘરમાં અમે બધાં છીએ ને? તમને કોણે કહેલું દૂધ લેવા જવાનું? કેમ ગયા'તા? હવે કાલથી આ વ્રજને સ્કુલે મુકવા કોણ જશે? તું તો પગમાં પાટો બંધાવી બેસી ગઇ. પતિએ પત્નીના સપગ પર પાટો બાંધેલો જોઇ સહાનુભૂતિ પૂર્વક જોતાં પુછ્યું. થેલો તો આ વખતે મટો લઇ ગયેલીને?'

અંતર મનમાં શૂળ ભોંકતા તેની પીડાથી આવેલ આંસુ વચ્ચે 'મધર્સ ડે'ની સામે અનેક પ્રશ્નો જાણએ કે ફૂફાડા મારી રહ્યા હતા.

# ક્ષેત્રીય યુદ્ધ જીતવાની સેના તૈયારી રાખે : શી જીનપિંગ

બેજિંગ,તા. ૨૩

ચીનના પ્રમુખ શી જીનપિંગે ક્ષેત્રીય યુદ્ધ જીતવા માટેની તૈયારી રાખવા ચીનની સેના પીપલ્સ લિબરેશન આર્મીને સુચના આપી છે. કેન્દ્રિય નેતૃત્વના તમામ નિર્ણયને યોગ્યરીતે તરત અમલી બનાવવા માટેની પણ સુચના આપવામાં આવી છે. જીનપિંગે તેમના નજીકના ગણાતા ત્રણ જનરલોના પ્રમોશન પણ કરી દીધા છે. ચીની પ્રમુખના આ નિવેદનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે ભારત સાથે સરહદ પર તેની જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. ચીની પ્રમુખે ક્ષેત્રીય યુદ્ધ જીતવાને લઈને પ્રથમ વખત આવુ નિવેદન કર્યુંછે. પરંતુ વાસ્તિવક અંકુશ રેખા પર ભારતીય ક્ષેત્રમાં ચીની સૈનિકો દ્વારા વાંરવાર કરવામાં આવી રહેલી ઘુસણખોરીને લઈને આ નિવેદન ખુબ મહત્વપૂર્ણ છે. અત્રે નોંધનીય છે કે લડાખના ચુમાર વિસ્તારમાં પીએલએ અને ભારતીય સેના વચ્ચે ગતિરોધ જારી છે. સેન્ટ્રલ મિલિટરી કમીશનના અધ્યક્ષ અને કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાના મહાસચિવ જીનપિંગે કહ્યુંછે કે પીએલએ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખે તે જરૂરી છે.ઈન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં ક્ષેત્રીય યુદ્ધ જીતવાની ક્ષમતામાં વધારો કરવામાં આવે તે જરૂરી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ તમામ પીએલએ દળોને પ્રમુખના આદેશને પાળવા જોઈએ. સાથે સાથે સીએમસી દ્વારા નક્કી કરવામાં આવેલા નવા લક્ષ્યકોને અને મિશનને પ્રાપ્ત કરવા અભિયાનમાં સુધારા કરવા જોઈએ. જો કે હજુ સુધી સ્પષ્ટતા કરવામાં આવી નથી કે પૂર્ણ નિષ્ઠા અને કમાન્ડના યોગ્ય સંચાલનની વાત કેમ કરવામાં આવી છે. ભારત ચીન વચ્ચે હાલ સરહદ પર જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. સત્તા સંભાળી લીધા બાદ પ્રથમ દિવસથી જ પ્રમુખ પદ, સીપીસી અને સેનાના તમામ અધિકાર મળી ગયા બાદ ૬૧ વર્ષીય જિનપિંગે પૂર્વ પ્રમુખ શાઓપિંગ બાદ સૌથી શક્તિશાળી નેતાની પ્રતિષ્ઠા મેળવી લીધી છે.